# ગુજરાત કૃષિ ઉદ્યોગ નીતિ - ૨૦૦૦

- પ્રસ્તાવના
- ઉદ્દેશો
- અભિગમ
- ખેત ઉદ્યોગની વ્યાખ્યા
- વ્યૂહરચના
- યોગ્યતાનો માપદંડ
- અમલ

**પ્રસ્તાવના**

ગુજરાત રાજ્ય ઔદ્યોગિકરણ ક્ષેત્રે દેશનાં અગ્રેસર રાજ્યોમાંનું એક છે. નવા ઔદ્યોગિક મૂડીરોકાણના રૂપમાં રાજ્યે ૧૯૯૭ થી એકધારું મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે. રાષ્ટ્રીય સ્તરે ગુજરાત કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૧ુ, ઔદ્યોગિક રોજગારીમાં ૮.૫ુ અને ઔદ્યોગિક કમોમાં ૯.૭નો હિસ્સો ધરાવે છે. દેશની ૪.૮ુવસ્તી ધરાવતું રાજ્ય ભારતના કુલ ઘરેલું ઉત્પાદન (જી. એન. પી.)માં ૧૧ુનો ફાળો આપે છે. સુદૃઢ સામાજિક - આર્થિક વિકાસે રાજ્યનાં ઔદ્યોગિક વિકાસમાં ફાળો આપ્યો છે.

રાજ્યની ઉત્તરોત્તર ઔદ્યોગીક નીતિઓમાં જે ક્ષેત્રો ઉપર વિશેષ ઝોક આપવામાં આવ્યો છે એમાં કૃષિ પેદાશો આધારિત ઉદ્યોગોનો પણ સમાવેશ થયો છે. આમ છતાં, આ ક્ષેત્રે કોઈ મોટાં મૂડીરોકાણ થયાં નથી. હાલમાં રાજ્યની કુલ કૃષિ પેદાશોના ૧ુથી પણ ઓછી કૃષિ પેદાશોનું પ્રોસેસીંગ થાય છે. જ્યારે દેશમાં સરેરાશ લગભગ ૨ુ કૃષિ પેદાશોનું પ્રોસેસીંગ થાય છે. રાજ્યમાંની ખેતી ખૂબ જ વૈવિધ્યપૂર્ણ હોવા છતાં તેમજ આ ક્ષેત્રે થતાં ફેરફારોને ખેડૂતો ઝડપથી અપનાવી લેતા હોવા છતાં આ પરિસ્થિતિ પ્રવર્તે છે.

રાજ્ય બીજા પણ ઘણાં લાભો ધરાવે છે. ગુજરાતમાં દેશમાં સૌથી વધુ વિમાન મથકો (૧૦), સૌથી વધુ બંદરો (૪૧) ધરાવે છે, તેમજ સૌથી વધુ વિશાળ સાગરકાંઠો ધરાવે છે. વિવિધ પ્રકારની કૃષિ પેદાશો અને બાગાયત પેદાશોમાં રાજ્ય એરંડા, વરિયાળી, કપાસ, તમાકુ,

મગફળી, તલ, ચીકુ, ડુંગળી, ગુવાર, જીરુ, વિગેરેમાં સ્પર્ધાત્મક લાભ ધરાવે છે. આ જ પ્રમાણે કેરી, બટાકા, જામફળ, લસણ, રાઈ અને સરસવમાં પણ એ આવી જ લાભકારક પરિસ્થિતિ ઊભી કરી શકે એવો ઉજળો અવકાશ રહેલો છે. આમ છતાંય, વિવિધ કારણોસર આ લાભકારક પરિસ્થિતિનો ઉપયોગ કરી શકાયો નથી. એકંદરે જોતાં ખેત ઉદ્યોગો, ભારે જોખમ ધરાવતાં ઓછા માર્જીનના ઉદ્યોગો છે, જેનું મુખ્ય કારણ યોગ્ય કાચી સામગ્રીનો અભાવ તેમજ એનો અચોક્કસ પુરવઠો છે. પુરવઠા શૃંખલા તેમજ શીતશૃંખલા, બન્નેમાં માળખાગત સુવિધાઓનો અભાવ છે. આને પરિણામે, ખેડૂતો અને ઉદ્યોગ સાહસિકોનું જોઈએ એવું અસરકારક સંકલન નથી થઈ શક્યું અને એને પરિણામે દલાલોનું વર્ચસ્વ ચાલું રહ્યું છે. છેક હમણાં સુધી કૃષિ પેદાશો આધારિત ઉદ્યોગો ઉપર રાજ્ય તેમજ કેન્દ્રીય વેરાનું પ્રમાણ ખૂબ ઉંચું, કુલ મળીને ''એમ. આર. પી.'' (છુટક વેચાણ ભાવ)ના ૩૦ થી ૪૦ૢ જેટલું હતું. વેરાનું આ ભારે પ્રમાણ મૂડીરોકાણો માટે અવરોધરૂપ પુરવાર થયું છે.

ઉપરની બાબતો ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે કૃષિ પેદાશો ઉપર આધારિત ઉદ્યોગો માટે એક સર્વગ્રાહી નીતિ તૈયાર કરી છે, જેમાં સંબંધિત સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એની પાછળનો ઉદ્દેશ વિવિધ પ્રકારના નાણાંકીય અને બીનનાણાંકીય પ્રોત્સાહનો પૂરાં પાડીને કૃષિ આધારિત પેદાશોનાં પ્રોસેસીંગ, કૃષિ વિષયક માળખાકીય સુવિધાઓ અને હાઈટેક કૃષિ ક્ષેત્રે મૂડીરોકાણોને વેગ આપવાનો - ઉત્તેજન આપવાનો છે. રાજ્ય સરકારનો પ્રયાસ આ નીતિ મારફત ખેતીનું ગતિશીલ અને સ્પર્ધાત્મક કૃષિ વ્યાપારમાં રૂપાંતર કરવાનો છે.

## ઉદ્દેશો

વિશ્વના તેમજ દેશના મૂડીરોકાણકારો અને પ્રોસેસરો ગુજરાતને એમની પસંદગીનું કેન્દ્ર બનાવે તેવું વાતાવરણ ઊભું કરવાનો આ નીતિ હેઠળ પ્રયાસ કરવામાં આવ્યો છે. આ નીતિના ઉદ્દેશોમાં વિશ્વ કક્ષાની પુરવઠા શૃંખલા ઉભી કરવી, કૃષિ ઉદ્યોગોના વિકાસ માટે મહત્ત્વની માળખાગત સુવિધાઓ ઉભી કરવા માટે પ્રોત્સાહન કૃષિ ક્ષેત્રે સંશોધન, વિતરણ, ઉદ્યોગો તથા ખેડૂતો વચ્ચે ગાઢ વિચાર - વિમર્શ, કૃષિ આધારિત લઘુ ઉદ્યોગ એકમોને વૈશ્વિક બજારોમાં એમની સ્પર્ધાત્મકતાં વધારવા માટે સહાય અને ''વેલ્યુએડેડ'' કૃષિ પેદાશોની નિકાસ વધારવાનો સમાવેશ થાય છે.

## અભિગમ

રાજ્યમાં ખેત પેદાશો ઉપર આધારિત ઉદ્યોગો તેમજ કૃષિ વિષયક માળખાગત સુવિધાઓમાં ખાનગી ક્ષેત્રના મૂડીરોકાણને ઉત્તેજન પૂરું પાડવા રાજ્ય સરકાર ભૂમિકા ભજવશે. આ માટે વિવિધ પ્રોત્સાહનો પૂરાં પાડશે તેમજ સંયુક્ત ક્ષેત્રનાં સાહસોમાં મૂડીરોકાણ કરશે.

## ખેત ઉદ્યોગની વ્યાખ્યા

ખેત ઉદ્યોગ એટલે એવાં એકમો કે જે અનાજ અને અનાજ સિવાયની કૃષિ વિષયક પેદાશો / વચગાળાની પેદાશો / ફાજલ પેદાશોનું પ્રોસેસીંગ કરી એમાંથી વેચાણ યોગ્ય કે વપરાશ યોગ્ય કે પછી ખાદ્ય પેદાશો તૈયાર કરી એનું મૂલ્ય વધારે છે કે પછી એના સંગ્રહ માટેની યોગ્યતા વધારીને કે પછી એને માટે ખેતરથી છેક બજાર સુધી, કે અંશતઃ તબક્કા સુધી જોડાણ પૂરું પાડી એનું મૂલ્ય - વેલ્યુ વધારે છે.

ખેત ઉદ્યોગમાં હાઈટેક ખેતી તથા બાયો ટૅક્નોલોજી આધારિત ખેતીનો પણ સમાવેશ થાય છે. કૃષિ વિષયક પેદાશો એટલે ખેતીવાડી, બાગાયત પ્રવૃત્તિ, રેશમના કીડા ઉછેરની પ્રવૃત્તિ, ફૂલોની ખેતી અને મત્સ્યોદ્યોગની પેદાશો તથા જંગલની ગૌણ પેદાશો તેમજ ડેરી અને ડેરી આધારિત પેદાશો સિવાયની પશુધન આધારિત પેદાશોનો સમાવેશ થાય છે.

## વ્યૂહરચના

### ૫.૧ નાણાંકીય પ્રોત્સાહન

**૫.૧.૧** ખેતી ઉદ્યોગ એકમોને વ્યાજ સબસીડી

ટાઈની, લઘુ, મધ્યમ અને વિશાળ કદનાં ખેત ઉદ્યોગ એકમોને એમની મુદતી લોન (ટર્મ લોન) ઉપરના વ્યાજ ઉપર પાંચ વર્ષ માટે, ૬ૃ ની બેક એન્ડેડ સબસીડી રૂ. ૧૦૦ લાખની મહત્તમ મર્યાદામાં રહીને ચૂકવવામાં આવશે.

**૫.૧.૨** કૃષિ વિષયક માળખાગત સુવિધાના પ્રોજેક્ટોને વ્યાજ સબસીડી.

કૃષિ વિષયક માળખાગત સુવિધાઓના પ્રોજેક્ટોને મુદતી લોન (ટર્મ લોન) ઉપરના વ્યાજ ઉપર પાંચ વર્ષ માટે ૭% ની બેક એન્ડેડ સબસીડી રૂ. ૪૦૦ લાખની ટોચમર્યાદામાં રહીને ચૂકવવામાં આવશે. કૃષિ વિષયક માળખાગત સુવિધાઓના પ્રોજેક્ટોની ઉદાહરણરૂપ યાદીમાં ફૂડ / એગ્રો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, બાગાયત પેદાશો માટે શીતશૃંખલા કે કોલ્ડ ચેઈન, (વેલ્યુએડીશન કેન્દ્ર, કૃષિ સેવા કેન્દ્ર), કૃષિ પેદાશો માટે પુરવઠા શૃંખલા (વેલ્યુએડીશન કેન્દ્ર, કૃષિ સેવા કેન્દ્ર), ઝટ બગડી જાય - નાશ પામે તેવી પેદાશો માટે એગ્રો જેટિ (બંદર અને ટ્રાન્સપોર્ટેશન હબ), ટૅક્નોલોજી ઈનક્યુબેશન અને નિદર્શન કેન્દ્રો, બાયોટૅક્નોલોજી વિકાસ, લીલામ કેન્દ્રો, ટ્રાન્ઝીટ / ટર્મીનલ માર્કેટ, ઈન્ફોર્મેશન કીયોસ્ક્સ, ગુણવત્તા નિયંત્રણ પ્રયોગશાળાઓ, ઑર્ગેનિક લેબોરેટરીઝ વગેરેનો સમાવેશ થાય છે.

**૫.૧.૩** પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા માટે સહાય

વ્યક્તિઓ, સંસ્થાઓને, ખેત ઉદ્યોગ એકમોની સ્થાપના માટે પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર માટેનો ૫૦% ખર્ચ રૂ. ૫ લાખની મહત્તમ મર્યાદામાં રહીને ભરપાઈ કરી આપવામાં આવશે.

**૫.૧.૪** સેન્ટર ફોર એક્સલન્સ / ચોક્કસ પાકના વિકાસ માટેની સંસ્થા સ્થાપવા માટેની સહાય

ચોક્કસ પાકના વિકાસ માટેની સંસ્થા, સેન્ટર ફોર એક્સલન્સ સ્થાપવા માટે એના શરૂઆતના મૂડીરોકાણની ૫૦% રકમ રૂ. ૫૦૦ લાખની મર્યાદામાં રહીને સહાય તરીકે ચુકવવામાં આવશે. જો આવી સંસ્થા કંપની કાયદા હેઠળ સ્થાપવામાં આવે તો સહાય શેરમૂડીના રૂપમાં પૂરી પાડવામાં આવશે.
આવી સંસ્થાઓ / કેન્દ્રો એગ્રોનોમીક પદ્ધતિઓનું નિદર્શન, સંશોધન અને વિકાસ પ્રવૃત્તિ (વેરીએટલ અને ડેરીવેટીઝ) વિકસાવવી, ઘરેલું અને આંતરરાષ્ટ્રીય બજારો અંગેનું સર્ટીફિકેશન, ગુણવત્તાની ખાતરી, ધોરણો, લોજીસ્ટીક્સ, પેટન્ટીંગ, બ્રાન્ડ પ્રમોશન, પ્રોસેસીંગ અને પેકેજીંગ ટૅક્નોલોજીનું ધોરણ સુધારવું, સમગ્ર શૃંખલામાં વ્યાપારની શરતો સુધારવી અને એને પ્રોફેશ્નલાઈઝ કરવી અને આવી અન્ય પ્રોત્સાહક પ્રવૃત્તિઓ ઉપાડી લેશે.

**૫.૧.૫** ક્વોલિટી સર્ટીફિકેશન માર્ક અંગે સહાય

નાના અને અતી નાના ખેત ઉદ્યોગ એકમોને, એમણે રાજ્ય સરકાર / કેન્દ્ર સરકાર દ્વારા માન્ય સંસ્થા પાસેથી સર્ટીફિકેશન માર્ક મેળવવાં કરેલાં ખર્ચના, ૫૦% સુધીના ખર્ચની સહાય રૂ. ૫ લાખની મહત્તમ મર્યાદામાં રહીને આપવી.

**૫.૧.૬** પેટન્ટ રજીસ્ટ્રેશન માટે સહાય

ખાનગી, સરકારી અથવા સરકારી ક્ષેત્રનાં એકમોને, પેટન્ટ રજીસ્ટ્રેશન માટે કરેલા ખર્ચના ૫૦% સુધીના ખર્ચની સહાય રૂ. ૫ લાખની મહત્તમ મર્યાદામાં રહીને આપવી.

**૫.૧.૭** હવાઈ નૂર ઉપર સબસીડી

કેરી, ચીકુ, કેળાં, ટામેટાં જેવી ખાદ્ય પેદાશો તેમજ રાજ્ય સરકાર દ્વારા વખતોવખત સૂચવવામાં આવે એવી અન્ય પેદાશોની અમદાવાદના સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય વિમાન મથકેથી નિકાસ કરવા માટે, નૂર ઉપર ૨૫% સબસીડી, પ્રતિ લાભાર્થી રૂ. ૧૦ લાખની મહત્તમ મર્યાદામાં રહીને ચૂકવવામાં આવશે.
ખાદ્ય કૃષિ પેદાશોની નિકાસ માટે, એના નમૂના મોકલવાના કરેલા ખર્ચ તેમજ નમૂના પાસ કરાવવાના ખર્ચ ઉપર, ૫૦% સબસીડી, રૂ. ૫૦,૦૦૦ની મહત્તમ મર્યાદામાં રહીને ચૂકવવામાં આવશે.

**૫.૧.૮** સંશોધન અને વિકાસ માટે સહાય
કૃષિ વિષયક પેદાશોની ગુણવત્તા સુધારવા માટે, કોઈ પણ સંસ્થા અથવા ઔદ્યોગિક સાહસે ઉભા કરેલા સંશોધન અને વિકાસ કેન્દ્રમાં હાથ ધરવામાં આવેલા ખાસ સંશોધનના ખર્ચ ઉપર ૫૦% સહાય રૂ. ૨૦ લાખની મર્યાદામાં રહીને ચૂકવવામાં આવશે.

## ૫.૨ સંયુક્ત ક્ષેત્રનાં સાહસોમાં શેરમૂડીમાં હિસ્સેદારી

ખેત પેદાશો આધારિત ઉદ્યોગોમાં ખાનગી ક્ષેત્રના મૂડીરોકાણોમાં સહાયક બનવા, રાજ્ય સરકાર ગુજરાત ખેત ઉદ્યોગ નિગમની મારફત, પસંદગીના પ્રોજેક્ટોમાં પ્રમોટરના ફાળાની ૧૧ થી ૨૬% જેટલી રકમની શેરમૂડી પૂરી પાડશે.

## યોગ્યતાનો માપદંડ

નવાં એકમો તેમજ ટૅક્નોલોજી અપ્રગેડેશન, આધુનિકરણ, વિસ્તરણ અથવા વૈવિધ્યકરણ હાથ ધરનારાં જૂનાં એકમો પ્રોત્સહનો મેળવવા હકદાર રહેશે.

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગરની મહાનગરપાલિકાઓની અધિકારક્ષેત્ર હેઠળ આવરી લેવાયેલા વિસ્તારો સિવાય સમગ્ર રાજ્યમાંના એકમોને આ પ્રોત્સાહનો મળી રહેશે. આમ છતાં આ મહાનગરપાલિકાના અધિકારક્ષેત્રના વિસ્તારોમાંના, ઝડપથી બગડી જાય - નાશ પામે એવી ચીજવસ્તુઓ માટેના કોલ્ડ ચેઈન પ્રોજેક્ટો તથા એના છૂટક વેચાણના એકમો પ્રોત્સાહનો મેળવવા હકદાર રહેશે. રાષ્ટ્રીયકૃત બેન્કો અને રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા માન્ય નાણાંકીય સંસ્થાઓ પાસેથી મેળવેલી મુદતી લોન (ટર્મ લોન) ઉપરના વ્યાજ પેટે વ્યાજ સહાય મંજૂર કરવામાં આવશે.

## અમલ

સર્વગ્રાહી કૃષિ ઉદ્યોગ નીતિનો અમલ ગુજરાતમાં એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસીંગ ઉદ્યોગના પ્રોત્સાહન અને વિકાસ માટેની મુખ્ય સંસ્થા - નૉડલ એજન્સી એવા ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિ. દ્વારા કરવામાં આવશે.